નં/ જિ.પં./NHM / ન્યૂટ્રિશન/એન.ડી.ડી./ ૨૭ ફેબ્રુઆરી/રાઉન્ડ/બાબત/૨૦૨૦

ડિસ્ટ્રીક હેલ્થ સોસાયટી, આરોગ્યશાખા

જિ.બનાસકાંઠા તા.૧૭/૦૨/૨૦૨૦

પ્રતિ,

(૧) તાલુકા હેલ્થ ઓફિસરશ્રી,.....તમામ.

(૨) તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી,..... તમામ.

(૩) સી.ડી.પી.ઓ.શ્રી, ...... તમામ.

(૪) આચાર્યશ્રી, મા.ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ....

વિષય :- તારીખ ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૦ ના રોજ "નેશનલ ડી વોર્મિંગ ડે" અને તારીખ ૩ માર્ચ ૨૦૨૦ ના રોજ મોપ-અપ ડે ની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ:- ૧.કમિશનર શ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ ,સચિવ શ્રી,પ્રાથમીક અને માધ્યમિકશિક્ષણ, કમિશનર વ સાચિવ શ્રીમહિલા અને બાલવિકાસ નો સંયુક્ત પત્ર ક્રમાકનં.૫૪૯/સીએચસી/ એફએચડબલ્યુ/એસએનસી/એનડીડી/૧૭/૧૨/૨૦૧૯ નો પત્ર

૨. અધિક નિયામકશ્રી,(પ.ક) ગાંધીનગરના પત્ર નં. FW/2020-૨૧/SNC/NDD Feb'૨૦ round/૬૧૧/તા.૭/૨/૨૦ નો પત્ર.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ભારત સરકાર દ્વારા દર વર્ષે વર્ષમાં બે વાર કૃમિનાશક દવા આપવામાં આવે છે. આ માટે દર વર્ષે "નેશનલ ડી વોર્મિંગ ડે" (NDD) ની ઉજવણી દ્વારા ૧ થી ૧૯ વર્ષના તમામ બાળકોમાં કૃમિ નિયંત્રણ માટે સામુહિક રીતે કૃમિનાશક ગોળી ચાવીને ખવડાવવામાં આવે છે આ વર્ષે પણ તા.૨૭ ફેબ્રુઆરી ૨૦૨૦ ના રોજ "નેશનલ ડી વોર્મિંગ ડે" (NDD) અને તા.3 માર્ચ૨૦૨૦ ના રોજમોપ-અપ ડે રાઉન્ડનું આયોજન કરવામાં આવેલ છે.

- ફિમેલ હેલ્થ વર્કરે તેમના વિસ્તારના ૧ થી ૧૯ વર્ષના તમામ બાળકોની યાદી પ્રાથમિક અને માધ્યમિક શાળાના મુખ્ય શિક્ષક, આંગણવાડી વર્કર અને આશા ના સહયોગથી બનાવવાની રહેશે. શાળામાં જતા બાળકોની યાદી શિક્ષક સાથે, આંગણવાડીમાં રજીસ્ટર થયેલ બાળકોની યાદી આંગણવાડી કાર્યકર સાથે અને શાળાએ ન જતા તથા આંગણવાડીમાં રજીસ્ટર ન હોય એવા બાળકોની યાદી આશા સાથે રહી તૈયાર કરવાની રહેશે, શાળાની યાદી શિક્ષક પાસે તેમજ આંગણવાડી અને શાળાએ ન જતા તથા આંગણવાડીમાં ન નોંધાયેલા બાળકોની યાદી આંગણવાડી ખાતે રાખવી.
- બીમાર બાળકોની અલગ યાદી તૈયાર કરવાની રહેશે.
- પ્રા.આ.કેન્દ્ર અને સબ સેન્ટર દ્વારા આલ્બેન્ડાઝોલ ગોળીનો સ્ટોક શાળા અને આંગણવાડી સુધી રાઉન્ડ શરૂ થાય તે પહેલા પહોચાડવાની જવાબદારી રહેશે.
- ૧ થી ૨ વર્ષની વય ના બાળકોને આલ્બેન્ડાઝોલ ૨૦૦ mg (૪૦૦ mg ની અડધી ગોળી) અથવા આલ્બેન્ડાઝોલ સીરપ ૫ મિ.લી.(૧૦ મિ.લી. સસ્પેન્સની અડધી બોટલ આપવી) આપવાની રહેશે
- ૨ થી ૧૯ વર્ષની વયના બાળકોને આલ્બેન્ડાઝોલ ૪૦૦ mg (આખી ગોળી) અથવા આલ્બેન્ડાઝોલ સીરપ-૧૦ મિ.લી.(૧૦ મિ.લી. સસ્પેન્સની આખી બોટલ) આપવાની રહેશે.
- ૧ થી ૫ વર્ષની વય જુથના આંગણવાડી ખાતે નોંધાયેલા તેમજ ન નોંધાયેલા તમામ બાળકોને એક જ દિવસે સામુહિક પ્રયત્નો દ્વારા માસ ડીવોર્મિંગ પ્રવૃતિ કરી કૃમિનાશકની ગોળી ચાવીને ગળાવવની રહેશે.

Scanned by CamScanner

➢ શાળાએ જતા ૬ થી ૧૯ વર્ષની વય જુથના તમામ બાળકોને સ્કુલમાં એક જ દિવસે સામુહિક પ્રયત્નો દ્વારા માસ ડીવોર્મિંગ પ્રવૃતિ કરી કૃમિનાશકની ગોળી ચાવીને ગળાવવાની રહેશે.

➢ ફક્ત FHW, શાળાના શિક્ષકો/નોડલ શિક્ષક કે આંગણવાડી કાર્યકરે જ આલ્બેન્ડાઝોલ ગોળી બાળકોને આપવાની રહેશે.

➢ <u>બાળકોને ગોળી ચાવવાનું કહેવું અને ચાવ્યા બાદ સ્વચ્છ પાણી પીવા આપવું</u> જેથી કરીને ગોળી ગળામાં ફસાઈ ન જાય.બાળકોને ગોળી શાળાઓમાં શિક્ષક/હેડમાસ્ટરની દેખરેખ અને આંગણવાડી કાર્યકરની દેખરેખ હેઠળ જ આપવી.

➢ <u>બાળક બીમાર હોય તો ગોળી આપવી નહી, બાળકને ચાવ્યા વગર ગોળી ગળવાનું ન કહેવું, ગોળી ઘરે લઇ જવા માટે બાળકને પરવાનગી આપવી નહી.</u>

➢ બીમાર બાળક જો સાજુ થયેલ હોય તો મોપ-અપ રાઉન્ડમાં ગોળી આપવાની રહેશે.

➢ જે બાળકોને તાજેતરમાં યોજાયેલ શાળા આરોગ્ય કાર્યક્રમમાં આલ્બેન્ડાઝોલ ગોળી આપેલ હોય તેઓને નેશનલ ડી વોર્મિંગ ડે દરમિયાન ગોળી આપવાની થતી નથી.

➢ <u>આલ્બેન્ડાઝોલ ગોળી એકદમ સુરક્ષિત ગોળી છે. જેની કોઈ સામાન્ય કે ગંભીર આડ અસર થતી નથી.</u> ખાસ કરીને જે બાળકોના આંતરડામાં કૃમિનો ચેપ વધુ હોય તે બાળકોમાં ગોળીના સેવન બાદ ઉપકા, પેટમાં દુ:ખાવો, ઉલ્ટી, ઝાડા અને થાક લાગવો જેવા લક્ષણો જોવા મળી શકે જે શાળા કે આંગણવાડી ખાતે નોંધાયેલ કોઈપણ ઘટના સમયે વધુ ગભરાવવું નહિ અને આરોગ્ય સ્ટાફ ને જાણ કરવી.

➢ ઈમરજન્સી રીસ્પોન્સ સીસ્ટમની (ઈ.આર.એસ.) રચના કરી તેનું હેન્ડઆઉટ શાળા/આંગણવાડી ખાતે લગાવવી. તથા દરેક સ્ટાફને તેના વિશે માહિતીગાર કરવા.<u>ઈ.આર.ટી.(ઈમરજન્સી રીસ્પોન્સ ટીમ)માં તમામ આરોગ્ય કાર્યકરનાં મોબાઈલ નંબર લખવા</u>

➢ આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગ અને આઈ.સી.ડી.એસ. વિભાગના તમામ સુપરવાઈઝર સ્ટાફે મોનિટરીંગનું <u>ચેકલીસ્ટ ભરી આ ચેકલીસ્ટ ઓનલાઈન આપેલ લીંકમાં કરવાનું રહેશે</u>. <u>https://docs.google.com forms/ d/ e/ 1FAIpQLScu4 qkU2-Np4VQFBLVDQtVK41M3DafItLMkkrsD9S2xvgTpMA/viewform</u>

બિડાણ- (૧) ઈમરજન્સી રીસ્પોન્સ સીસ્ટમની (ઈ.આર.એસ.) પત્રક

| | | | |
|---|---|---|---|
| જિલ્લા શિક્ષણાધિકારી<br>જિલ્લો- બનાસકાંઠા | જિલ્લાપ્રાથમિકશિક્ષણાધિકારી<br>જિલ્લો- બનાસકાંઠા | પ્રોગ્રામ ઓફિસર<br>જિલ્લાપંચાયતબનાસકાંઠા<br>૧૭/૨ | મુખ્યજિલ્લાઆરોગ્યઅધિકારી<br>જિલ્લાપંચાયતબનાસકાંઠા |

<u>નકલ સવિનય રવાના:-</u>

- માન. કલેક્ટરશ્રી, બનાસકાંઠા તરફ જાણ સારૂ.
- માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, બનાસકાંઠા તરફ જાણસારૂ.

<u>નકલ રવાના:-</u>

- આર.સી.એચ.અધિકારીશ્રી, બનાસકાંઠા તરફ જાણ સારૂ.
- બ્લોક રીસોર્સ સેન્ટર ( BRC) તરફ જાણ સારૂ.....(તમામ)
- ક્લસ્ટર રીસોર્સ સેન્ટર (CRC) તરફ જાણ સારૂ.....(તમામ)
- મેડિકલ ઓફિસરશ્રી તરફ જાણ તેમજ અમલવારી સારૂ. .....(તમામ)
- ડિવીઝન કોર્ડિનેટર નીપી પ્રોગ્રામ તરફ જાણ સારૂ

નોંધ- પાલનપુર અને વડગામ તાલુકામાં સ્ટોકના અભાવના કારણે તા-૧૭/૨ ના રોજ NDD રાઉન્ડ થઈ શકે તેમ નથી. સ્ટોક આવેથી રાઉન્ડ કરવામાં આવશે.

Scanned by CamScanner